# લોક વિકાસ મંચની પણ ભૂમિકા કંઈક રહેશે

## મહાનગરનો મહાસંગ્રામ

- સંજય દૃષ્ટિ

### ગાબડા પાડવાની પ્રવૃત્તિ પણ જોરશોરથી ગોઠવાઈ રહી છે

### કેટલાંક ધડાકા-ભડાકા ગાંધીનગરના રાજકીય સમીકરણો બદલી પણ શકે છે

હેપી હોલી... હોલીમુબારક... કોઈ અજાણ્યા કાર્યકરો આવુ કહે તો સમજવું કે ચૂંટણીમાં ઉમેદવારી કરવાની દાવેદારી કરી રહ્યા છે. હોળીનો રંગ જામશે અને રંગની સાથે જંગના મંડાણ થશે. કોણ કોણ રમશે..? કોણ કોને રમાડશે ? એ રહસ્યમય સવાલો ચર્ચાઓને રસપ્રદ બનાવે છે. પક્ષોમાં પણ રમત છે અને રમતોમાં પક્ષો છે. આજકાલ બન્ને પક્ષોમાં કોણ કોને કાપીને ટીકીટ મેળવશે એના સોગઠા ગોઠવાય છે. કોના ગોડફાધર પક્ષમાં પાવરફુલ છે એની ગણતરીઓ મંડાય છે. ભલે મતદારો સાથે સીધો સંપર્ક હોય કે ન હોય... જાહેર જીવનમાં યોગદાન હોય કે ના હોય... પણ જો પક્ષમાં ગોડફાધર મજબુત હોય તો ટીકીટ મળી શકે છે. આ ગણતરી પણ ટીકીટ માટે ખુબજ મહત્વની બની રહે છે.

આજકાલ શહેરમાં રાજકીય અફવા બજાર પણ ગરમ છે. ગાબડા પાડવાની પ્રવૃત્તિ પણ જોરશોરથી ગોઠવાઈ રહી છે. બન્ને પક્ષો એકબીજા પર છાપો મારવા તૈયાર થઈને ઉભા છે. કોણ કોને તોડી લાવશે તેની જવાબદારીઓ પણ સોંપાઈ છે. ક્યાંક વચનો... ક્યાંક લાલચો છુટથી અપાય છે. પક્ષના નિયમો અને સિદ્ધાંતોની વાત તો માત્ર કાગળ ઉપર જ છે. ટીકીટ મળી જાય અને જીતી જવાય પછી તો બધુ ગોઠવાઈ જ જાય છે.

ભાજપ કોંગ્રેસના અને કોંગ્રેસ ભાજપના કેટલાક આગેવાનોને કાર્યકરોને પોતાના પક્ષે ખેંચી લાવવા વ્યૂહરચના ગોઠવવામાં વ્યસ્ત છે. કેટલાક ધડાકા-ભડાકા ગાંધીનગરના રાજકીય સમીકરણો બદલી પણ શકે છે. આંચકાજનક સમાચારો આવવાની શક્યતા પણ છે. પરંતુ સામી હોળીએ કોઈ બોલવા તૈયાર નથી. નામ નહી આપવાની શરતે ગોળ ગોળ વાતો થાય છે. અર્થાત ધડાકા ચોક્કસ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી આ વખતે કોંગ્રેસ અને ભાજપ ઉપરાંત લોકવિકાસ મંચની પણ ભૂમિકા કંઈક રહેશે. બધી જ બેઠકો પર સીધી સ્પર્ધા નહીં પણ રહે કેટલીક બેઠકો ઉપર મજબુતાઈથી ત્રિપાંખીયો જંગ ખેલાશે. તો કેટલીક બેઠકો ઉપર બળવાખોર અપક્ષો પણ ચૂંટણી મોટી સંખ્યામાં લડે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી. એટલે એક જ વાક્યમાં જો કહેવું હોય તો દરેક વોર્ડમાં બહુકોણીયો જંગ ખેલાશે અને સંગ્રામ નાનો સુનો નહી હોય મહાસંગ્રામ બની રહેશે. ઘણા નામો આશ્ચર્યજનક રીતે બહાર આવશે. જે ક્યારેક રાજકીય મંચ પર નજરે નહી પડતા હોય અને કેટલાંક રોજ ચર્ચાતા નામો સ્પર્ધામાં નહી પણ હોય. રંગ અને ઉમંગના પર્વે સૌ દાવેદારો મતદારો સાથે ઓતપ્રોત બની જશે.

મજાક-મસ્તીના મુડમાં પણ ઉમેદવારીના અણસાર અપાશે. ચાર દિવસ શહેરમાં રજાનો માહોલ છે. એટલે સોમવારથી પ્રક્રિયા પ્રારંભાય એવું જાણકાર સુત્રોનું માનવું છે. પર્વોના ઉમંગમાં ચૂંટણીનો રંગ નવાજ પરિમાણઓ ઉભા કરશે..!!

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




જુઓ બહેનો... આપણી ક્લબમાં ટામેટીનો-હોલી પ્રોગ્રામ રાખ્યો છે...એન્જોય કરો... પરંતુ કોઈએ અમને હોલસેલ શું ભાવે પડ્યા... એ પૂછવું નહીં અને ટામેટામાંથી બનતી વાનગીની રેસીપી પુછવી નહી...?

# કર્મચારીઓના પડતર પ્રશ્નો મામલે સરકારના હકારાત્મક વલણને કર્મચારી મોર્ચાએ આવકાર્યો

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય કર્મચારીના સંયુક્ત મોરચાની કર્મચારીઓના પડતર પ્રશ્નો મામલે સરકારના કેબીનેટ મંત્રીઓ સાથે મહત્વની બેઠક સ્વર્ણીમ સંકુલ ખાતે યોજાઈ હતી. જેમાં માસ સીએલનો પગાર ચૂકવવાનો પરિપત્ર થતા તેને સંયુક્ત મોર્ચાના હોદ્દેદારોએ આવકાર્યો હતો અને અન્ય પડતર પ્રશ્નોનો પણ સત્વરે નિકાલ લાવવામાં આવે તેવી આગ્રહભરી રજુઆત કર્મચારીઓના મંડળે કરી હતી.

ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચો તેમજ ગુજરાત સ્ટેટ ફીશરીઝ ડીપાર્ટમેન્ટ એમ્પલોઈઝ ફેડરેશન વગેરેના હોદ્દેદારોની રાજ્યના કર્મચારીઓના પડતર પ્રશ્નો મામલે રાજ્યના કેબીનેટ મંત્રી સૌરભભાઈ પટેલ, નીતિનભાઈ પટેલ અને ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા સહિતના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી.

જેમાં ગત ૨૭-૯-૨૦૧૨ના રોજ કર્મચારીઓ દ્વારા પડતર પ્રશ્નો અન્વયે એક દિવસની માસ સીએલને વગર પગારી રજા ગણી નોકરીમાં તૂટ ગણી હતી તે રજાને લેણી નીકળતી રજાની સામે વિનીયમીત કરવાનો અને કાપવામાં આવેલ પગાર ચૂકવવા મામલે ચર્ચા થઈ હતી.જેને સરકારે સ્વીકારી પગાર ચુકવવાનો હૂકમ કર્યો હતો. જેને કર્મચારીઓના બનેલા કર્મચારી મોરચાના હોદ્દેદારો અબ્દુલભાઈ ચૌહાણ, ભવાનસિંહ પરમાર, ફીસરીઝ ડીપાર્ટમેન્ટ એમ્પ્લોઈઝ ફેડરેશનના મહામંત્રી પદ્યુમનસિંહ વાઘેલા વગેરેએ આવકાર્યો હતો. અને બાકીના પડતર પ્રશ્નોનો પણ સત્વરે નિકાલ સરકાર કરે તેવી આગ્રહભરી માંગ કરી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ભારતનો ઈતિહાસ અનેક ક્રાંતિવીર શહીદોના બલિદાનથી ભરેલો પડયો છે. એમાં પણ ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂની ત્રિપુટી યુવાનોમાં દેશદાઝની જબરદસ્ત ભાવના જગાવે છે. આ શહીદોને વર્ષ ૧૯૩૧માં ૨૩મી માર્ચે અંગ્રેજ સરકાર દ્વારા ફાંસી અપાઈ હતી. ગાંધીનગરના કેટલાક યુવાનો દ્વારા આ શહીદોને શ્રધ્ધાંજલી આપવાના ભાગ રૂપે ઘ-૪ સર્કલ નજીક ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ યુવાનોએ મીણબત્તીઓ પ્રગટાવી શહીદોના માનમાં પ્રાર્થના કરી તેમને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર મહાનગર પાલિકાએ ગઈકાલે યોજેલ આરોગ્ય ચેક-અપ કેમ્પમાં ૭૫૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.
- આજે ગાંધીનગરની મુલાકાતે આવેલા સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણીએ મેયર હંસાબેન મોદી સહિત શહેર ભાજપના હોદ્દેદારો સાથે ઔપચારિક બેઠક સરકીટ હાઉસ ખાતે કરી હતી.
- વીજીલન્સ એન્ડ મોનીટરીંગ કમિટીની બેઠકમાં હાજરી આપવા શ્રી અડવાણી નિયત સમય કરતાં મોડા આવ્યા હતા.
- રાષ્ટ્રીય ગ્રામીણ હેલ્થ મિશનની પણ વિજીલન્સ એન્ડ મોનીટરીંગ કમિટીમાં અડવાણીએ હાજરી આપી હતી.
- આજે વિજીલન્સ એન્ડ મોનીટરીંગ કમિટીમાં ભાજપના એક માત્ર ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર જ હતા બાકીના ૪ ધારાસભ્યોની ગેરહાજરી ઉડીને આંખે વળગતી હતી.
- રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે બી.બી. સ્વૈનની નિયુક્તી થતાં પંચાયત વિભાગના સચિવની જવાબદારી શ્રી રાજગોપાલને સોંપવામાં આવી છે.
- ભારત-બાંગ્લાદેશની મેચને લઈ રોડ સુમસામ સાંજથી થઈ જવા પામ્યા હતા.

# બીબીએ કોલેજમાં ફાઈનલ જોબ પ્લેસમેન્ટ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી પી કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીઓ માટે સમર ઈન્ટર્નશીપ તેમજ ફાઈનલ જોબ પ્લેસમેંટનું ભવ્ય રીતે આયોજન થયું હતું. મેનેજમેન્ટ વિદ્યાશાખામાં સ્નાતક



થયેલા દરેક વિદ્યાર્થીઓ સ્વાવલંબી બની શકે, સ્નાતક અભ્યાસક્રમ દરમ્યાન નીખરેલા કૌશલ્યોની મદદથી કોર્પોરેટમાં ઉત્તમ તકો મેળવે એ માટે બીબીએ કોલેજ આખુ વર્ષ સતત પ્રયત્નશીલ રહે છે. હાલમાં એસ વાય બી બી એમાં ભણતા વિદ્યાર્થીઓની ૦૪/૦૫/૨૦૧૬થી વેકેશન દરમિયાન સમર ઈન્ટર્નશીપ શરૂ થઈ જશે.

આજના ઈન્ટર્નશીપ ડ્રાઈવ માટે આવેલી બે કંપનીઓએ વિદ્યાર્થીઓને માર્કેટીંગ તેમજ ફાઈનાન્સના એરિયામાં ઈન્ટર્નશીપની ઑફર કરી હતી. જેમાં ઑટોમોબાઈલ સેક્ટરમાંથી ફાઈનલ ડેસ્ટિનેશન કે જેઓ ઑટોમોબાઈલ, તેમજ ડિટીપી ઑપરેટર જેવી વિવિધ સર્વિસ પ્રોવાઈડ કરે છે. ફાઈનલ ડેસ્ટિનેશન તરફથી ઍચ. આર. મેનેજર શ્રી અભિષેક ભટ્ટ કે જે પણ બી. બી. એ. કૉલેજ નાં ભૂતપુર્વ વિદ્યાર્થી છે તેઓએ વિદ્યાર્થીઓને કંપની વિષે માહિતગાર કર્યા હતા અને ૨૦ વિદ્યાર્થીઓનું ૩૦ દિવસિય ઈન્ટર્નશીપ પ્લેસમેંટ કર્યુ હતું.

તેમજ બીજી કંપની માસ ફાઈનાન્સીઅલ સર્વિસીસ કે જે લઘુ ઉદ્યોગોને લૉન આપવી, કૉર્પોરેટ યુનીટ ને વર્કીંગ કેપિટલ લૉન, પર્સનલ લૉન, હોમ લૉન તેમજ વ્હીકલ લૉન આપવાનુ કાર્ય કરે છે.

કંપનીનાં મેનેજિંગ ડાઈરેક્ટર શ્રી કમલેશ ગાંધી સાહેબનાં માર્ગદર્શન હેઠળ ૩૭ વિદ્યાર્થીઓનું ૩૦ દિવસિય ઈન્ટર્નશીપ પ્લેસમેંટ અને ૩ વિદ્યાર્થીઓનું ફાઈનલ પ્લેસમેંટ કરાયું છે. કંપનીનાં માર્કેટીંગ ડિપાર્ટમેંટનાં ગુજરાત રીજનલ હેડ શ્રી રાજેશભાઈ પ્રજાપતિ કે જે પણ બી. બી. ઍ. કૉલેજ નાં પ્રથમ બેચ નાં ભૂતપુર્વ વિદ્યાર્થી રહી ચૂક્યા છે તેમણે પોતાના પ્રી-ઈન્ટર્નશીપ વાતચીત દરમિયાન વિદ્યાર્થીઓ સાથે બી. બી. ઍ. કૉલેજ દ્વારા લેવાયેલ આ ઈન્ટર્નશીપ તેમજ ફાઈનલ વર્ષ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્લેસમેંટની તક ને ખુબ જ મહત્વની તેમજ બી. બી. ઍ. કૉલેજની આગવી ખાસીયાત ગણાવી હતી. કૉલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીનાં માર્ગદર્શન હેઠળ, ટ્રૅનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ. જયેશ જે. તન્ના, પ્રો. માર્ગી દેસાઈ તેમજ પ્રો. આશિષ ભુવા દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી.



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે પુષ્પ દોલોત્સવ તથા આચાર્યશ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજનો ૫૪મો મહાદીક્ષા ગ્રહણ દિન ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે દરેક સમાજના નાગરિકો રંગે રંગાયા હતા. આ પ્રસંગે દેશ-વિદેશમાંથી માનવ સમુહ ઉપસ્થિત રહ્યો હતો.



# ગિયોડ અંબાજી મંદિરે બાવન ગજની ધજા ચઢાવાઈ

ચિલોડાથી માત્ર સાત કિ.મી. દૂર મીની અંબાજી મંદિર ગિયોડ ખાતે ફાગણ સુદ પૂનમે નાંદોલ ગામથી મોટી સંખ્યામાં બાવન ગજની ધજા સાથે દર વર્ષે ધ્વજારોહણવિધિનું આયોજન કરવામાં આવે છે. સતત ૧૨માં વર્ષે હોળીના દિવસે સવારે ૭.૧૫ કલાકે નાંદોલ ગ્રામ પંચાયત કચેરીથી ધજા સાથે માઈભક્તોએ પ્રસ્થાન કરી અંબાજી ગિયોડ ખાતે માઈભક્તો પહોંચી બાવન ગજની ધજા ચઢાવી વિધિ સંપન્ન કરી હતી.

# ગલુદણની સીમમાંથી ૧૦૦ લીટર વૉશ સાથે એક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

ડભોડા પોલીસે બાતમીને આધારે ગલુદણ ગામની સીમમાં વૉચ ગોઠવી એક શખ્સને બપોરે દેશી દારૂ બનાવવા વપરાતા વૉશના જથ્થા સાથે પકડી પાડયો હતો. ગલુદણ ગામના ભગા દલા ઠાકોરની ૧૦૦ લીટર દેશી દારૂ ગાળવા વપરાતા વૉશના જથ્થા સાથે ડભોડા પોલીસે ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કે.બી. ફાર્મસી કોલેજમાં રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટો માટે રિફ્રેશર કોર્ષ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ અમદાવાદ અને સેકટર-૨૩ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કે.બી.ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ દ્વારા બે દિવસીય રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ માટે રીફ્રેશર કોર્ષનું આયોજન તા. ૧૯ અને ૨૦ માર્ચ૨૦૧૬ના રોજ કરાયું હતું. જેમાં ગુજરાતમાંથી ૨૦૦ જેટલા ફાર્માસિસ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના પ્રોફેસરોએ મેડિકલ ફાર્મા ક્ષેત્રમાં આવેલા પરિવર્તનો વિશે માહિતી આપી હતી. કોર્ષના વકતા તરીકે જીએમઈઆરએસ ગાંધીનગર, અપોલો હોસ્પિટલના ડોકટર અને ફાર્મસી કોલેજના પ્રોફેસરો દ્વારા દવાઓ બનાવવાથી માંડીને તેની અડ અસર, જરૂર પ્રમાણે ઉપયોગ, લેબલીંગ, પેકેજીંગ, સ્ટેબીલીટી સ્ટડી ઉપરાંત પ્રિસ્ક્રિપ્શન હેન્ડલિંગ, પ્રિસ્ક્રિપ્શન એરર, પેશન્ટ કાઉન્સેલિંગ અને ડ્રગ ડિસ્પેન્સિંગ ટેકનીક અંગેની માહિતી આપવામાં આવી હતી. ફાર્માસિસ્ટોને માહિતી આપતા ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના રજિસ્ટ્રાર જી.સી.મેકવાને વર્ષ ૨૦૧૫માં આવેલ ફાર્મસી પ્રેકિટસ એકટ ૨૦૧૫, તેના મુદ્દા, કાર્ય અને નિયમો વિશેની રુપરેખા સમજાવતા કહ્યું હતું કે આજના ફાર્માસિસ્ટોને ભવિષ્ય માટે તૈયાર કરવા માટે જીએસપીસી કટિબદ્ધ છે તેના માટે નવા આયામો જેવા કે ઓનલાઈન રીફ્રેશર કોર્ષ ડીઆઈસી અને ભવિષ્યની માંગ પુરી કરવા પ્રયત્ન શરુ કરાયા છે. કાર્યક્રમમાં કાઉન્સિલના રજિસ્ટ્રારના હસ્તે ફાર્માસિસ્ટોને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. કોલેજના આચાર્યએ મહેમાનોનો આભાર વ્યકત કર્યો હતો.



શહિદ દિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય શ્રી કમલમ સેકટર-૨૧ ખાતે 'વીરાંજલી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા મહામંત્રી અનિલભાઈ પટેલ, પેથાપુર મંડળના પ્રમુખ, મહામંત્રી, જિલ્લા પદાધિકારીઓ, પેથાપુર નગરપાલિકાના સદસ્યો, પેથાપુર યુવા મોરચો તેમજ સંગઠનના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. અંતે 'શહીદો કા અપમાન નહીં સહેગા હિન્દુસ્તાન'ના નારા લગાવી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# આજે રંગ-ઉમંગનું પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સહીત રાજ્યભરમાં આવતીકાલે લોકો રંગબેરંગી રંગોની છોળો એક બીજા પર ઉછાળીને ધૂળેટી પર્વની હર્ષોલ્લાસ અને આનંદ સાથે ઉજવશે.



ધૂળેટીનું પર્વ એટલે એક બીજા પર રંગબેરંગી રંગો છાંટી અને એકબીજાના જીવનમાં રંગોના આનંદ ભરવાનો અવસર આ દિવસે નાના બાળકોથી લઈ મોટાઓ સૌ કોઈ રંગે રમતા હોય છે. જ્યારે આ દિવસે ઢોલ નગારાના અને મ્યુઝિકના તાલે ફાર્મહાઉસોમાં પણ ધૂળેટી પર્વનું આયોજન કરીને ધૂળેટી મનાવતા હોય છે. ધૂળેટીના દિવસે નાના ભૂલકાઓ મોટા પાસે હોળીની ગોટ માંગવાની પ્રથા છે.

ધૂળેટીના દિવસે રાજસ્થાની લોકો અનન્ય રીતે ધૂળેટી પર્વ ઉજવે છે. આવતીકાલે લોકો આનંદ સાથે ધૂળેટી પર્વ મનાવશે. ધૂળેટીના પર્વને લઈ બજારોમાં રંગબેરંગી રંગોની ખરીદી કરતા લોકો જોવા મળી રહ્યા હતા. જ્યારે બાળકો અવનવી ડીઝાઈનોની પીચકારીઓ ખરીદી કરી રહ્યા હતા.

ગાંધીનગર સહીત રાજ્યના મોટા શહેરોમાં નજીક આવેલા પાર્ટી પ્લોટોમાં પણ આયોજકો દ્વારા ધૂળેટીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ધૂળેટીના પર્વને ધ્યાને રાખીને શહેરમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે સુરક્ષા ગોઠવવામાં આવી છે.

## સે-૬ ખાતે ભજન સંધ્યાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૩

તાજેતરમાં સ્વ. નવિનચંદ્ર મણીલાલ બારોટનું દુઃખદ અવસાન થયેલ છે. સદગતના નિવાસસ્થાન બ્લોક નં. ૨૦૫/૧, સેકટર-૬-બી ખાતે આગામી તા. ૨૬મી માર્ચને શનિવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રધ્ધાંજલી કાર્યક્રમ અન્વયે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.

## અડાલજ ખાતે ગાંધી વિચાર ધારા પર એક દિવસની શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

નવી પેઢી ગાંધીજીના કામો અને વિચારોથી પરિચિત થાય તેમજ અહિંસક સમાજ રચનાની દિશામાં સક્રિય થાય તેવા આશયથી અડાલજ સ્થિત ડિવાઈન ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે આગામી તા. ૨૫ માર્ચના રોજ ગાંધી વિચાર ધારા પર એક દિવસની શિબિર યોજવામાં આવશે.

નવી પેઢી અહિંસક રાહ પર ચાલે ગાંધીજીના જીવન તેમજ આદર્શ સમાજ નિર્માણના કામોથી પરિચિત થાય તેવા આશય સાથે આ ગાંધી વિચાર અંગે એક દિવસની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ગાંધીજીના પૌત્ર રાજમોહન ગાંધી, આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ગાંધી વિચારક પી.વી. રાજગોપાલ રસપ્રદ વક્તવ્ય આપશે.